# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ / પ્રકાર | ચિરંજીવી યોજના |
| ૨ | યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | આ યોજનામાં ગરીબી રેખા હેઠળની ( બી.પી.એલ.કાર્ડ ધરાવતી ) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને લાભ આપવામાં આવે છે, જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેમણે તેઓના વિસ્તારનાં તલાટી કમ મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. |
| ૩ | યોજના અંતર્ગત સહાય / લાભ | આ યોજના હેઠળ પ્રસુતા બહેનો સરકાર દ્વારા નક્કી કરાયેલા ખાનગી દવાખાનામાં વિના મૂલ્યે પ્રસુતિ કરાવી શકે છે. દવાખાનામાં દાખલ થનાર પ્રસુતાએ દવાખાનામાં કોઈપણ રકમ ચૂકવવાની હોતી નથી. એટલું જ નહી પણ સારવાર માટેની જરૂરી દવાઓ પણ ડૉક્ટર જ આપશે અને તે પણ વિના મૂલ્યે. ઉપરાંત પ્રસુતાને દવાખાને આવવા ભાડા પેટે રૂ. ૨૦૦ ડૉક્ટર દ્વારા રોકડા આપવામાં આવશે. |
| ૪ | યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ | યોજનાનો લાભ લેવા માટે ફોર્મ ભરવાનું થાય છે અને તેની સાથે જરૂરી દસ્તાવેજ જેવા કે બી.પી.એલ. કાર્ડની નકલ અથવા આવકનો દાખલો મુકવાનો થાય છે. |
| ૫ | યોજનાનો લાભ ક્યાંથી મળશે | જિલ્લામાં ચિરંજીવી યોજનામાં જોડાયેલ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબોને ત્યાં. |